23) કાંબીઉં નામનું ઘરેણું નાયિકા ક્યાં ધારણ કરશે ?

(A) ડોકમાં
(B) પગે
(C) હાથે
(D) માથે

24) નીચેનામાંથી ઉપમા અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) હૈયું જાણે હિમાલય.
(B) ગાંધીજી તે ગાંધીજી
(C) દમયંતીનું મુખ ચંદ્ર જેવું છે.
(D) હું સંસાર સાગરમાં ડૂબી ગયો.

25) નીચેની ગદ્યકૃતિમાંના પાત્ર સાથે કયું જોડકું બંધ બેસતું નથી ?

(A) છકડો - ધમો
(B) ચક્ષુ:શ્રવા - પ્રહ્લાદ
(C) જક્ષણી - રેવાશંકર
(D) શૂલપાણેશ્વર - પિનાક

26) દાદા કેસરીસિંઘ પ્રપૌત્રી કોશાને 'ચક્ષુ:શ્રવા' નો કયો અર્થ સમજાવે છે ?

(A) સાપને કાન અને આંખો બંને હોય
(B) સાપને આંખો ન હોય, કાનથી સાંભળે
(C) સાપ કાનથી સાંભળે, આંખથી જુએ
(D) સાપને કાન ન હોય, આંખોથી સાંભળે

27) નીચે આપેલાં જોડકાંમાં કેટલાક સાહિત્યકારો અને તેમનાં ઉપનામ આપેલ છે, સાચું જોડકું દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

(A) જયંતી ગોહેલ - 'માય ડીયર જયુ'

(B) ચિનુ મોદી - 'વાસુકિ'

(C) બ.ક. ઠાકોર - 'ગુપ્ત'

(D) ક. મા. મુનશી - 'ઈર્શાદ'

■ **નીચે આપેલો ગદ્યાંશ વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો. (પ્રશ્ન 28 અને 29)**

ચારિત્ર્ય વડે પ્રબળ વ્યક્તિત્વનો વિકાસ થાય છે, જેને પરિણામે વ્યક્તિને સાર્વત્રિક આદર, શક્તિ અને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. ચરિત્ર અને વ્યક્તિત્વ એકરૂપ હોવાથી જેનું ચરિત્ર સુંદર, તેનું વ્યક્તિત્વ પ્રબળ. નિષ્કલંક ચરિત્ર વિના ઈશ્વરનો સાક્ષાત્કાર ન થઈ શકે. સમાજમાં આદરણીય સ્થાન મેળવવા માટે સંગીતજ્ઞ કવિ કે વૈજ્ઞાનિક થવું પૂરતું નથી, ચારિત્ર્યવાન પણ થવું ઘટે.

28) સમાજમાં આદરણીય સ્થાન પ્રાપ્ત કરવા માટે શેની આવશ્યકતા રહે છે ?

(A) પ્રતિષ્ઠા (B) પ્રામાણિકતા

(C) ધન (D) ચારિત્ર્ય

29) વ્યક્તિત્વનો વિકાસ થતાં માણસને સમાજમાંથી શું મળે છે ?

(A) આદર, શક્તિ અને આત્મજ્ઞાન (B) સાહિત્ય, સંગીત અને કલા

(C) પદ, પ્રતિષ્ઠા અને પૈસો (D) માન, મરતબો અને મોભો

30) 'અંઈ તો ભઈ, ચારે બાજુ ઉકરડા જ ઉકરડા હતા. અને મા'દેવની ચોફેર તો નર્યા હાપ !' આ વિધાન કઈ કૃતિમાંથી લીધેલું છે ?

(A) આક્કા (B) જક્ષણી

(C) શૂલપાણેશ્વર (D) પ્રકૃતિ કી ભાષા સમજો

31) ગંગાસતી કોનાં વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ?

(A) પાનબાઈ
(B) સદ્‌ગુરુ
(C) પરમાત્મા
(D) હરિજન

32) લેખક મણિલાલ પટેલના દાદા મહુડાંની સૂકવણીનું શું કરતા ?

(A) તે બાફીને પોતે ખાતા
(B) તેમાંથી દવા બનાવતા
(C) તેમાંથી દારૂ બનાવતા
(D) ચોમાસામાં બાફીને બળદોને ખવડાવતા

33) 'મહારાજ રસોઈ પીરસતા હતા.' – આ વાક્યનું પ્રેરક વાક્ય કયું છે ?

(A) મહારાજ રસોઈ પીરસાવે છે.
(B) મહારાજ રસોઈ પીરસે છે.
(C) મહારાજ રસોઈ પીરસાવતા હતા.
(D) મહારાજથી રસોઈ પીરસાતી હતી.

■ **નીચે આપેલ કાવ્યાંશ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય જવાબવાળા વિકલ્પ દર્શાવો. (પ્રશ્ન 34 અને 35)**

હાથ જોડી ના બેસો રે ભાઈ, હાથ જોડી ના બેસો !
કરવું હરિને હાથ ખરું, પણ સાથ શું શ્રમ નહિ લેશો ?
હાથ જોડીને બેસી રહેતાં, ખાશો જગતની ઠેસો,
મેઘ વરસશે મુશળધારે, તે શું જોઈ રહેશો ?
તન રગડી જો ન ખેતર ખેડો, તો પછી પાક દે એ શો ?
ફરશે ને હરશે તે ચરશે, બાંધ્યો ભૂખે મરે શો.
હરિ હરિ કરતાં આ હીન દશા કરી, એમાં શો સંદેશો ?
સૂતેલા પણ સિંહ તણે મુખ આવી શિકાર પડે શો ?
ફાળ ભરી એ ઠાર કરે તો જ કરી શકે ભૂખ કલેશો.

34) કવિ હાથ જોડીને બેસી રહેવાની શા માટે ના પાડે છે ?

(A) એમ કરવાથી જગતની ઠેસો ખાવી પડે તેથી
(B) આપણી ભૂખ કે તરસ છીપાય નહીં તેથી
(C) ઈશ્વર પાક ન ઊગાડે તેથી
(D) તેમ કરવાથી ભીખ માગવાનો વારે આવે તેથી

35) કોના મુખમાં શિકાર આવીને પડતો નથી ?

(A) શિકાર કરતાં વાઘનાં
(B) દોડતાં હરણનાં
(C) દોડતાં સિંહનાં
(D) સૂતેલા સિંહનાં

36) 'હું પરીક્ષા આપું છું.' – વાક્યનું કર્મણિ વાક્ય બનાવો.

(A) હું પરીક્ષા આપીશ.
(B) મારાથી પરીક્ષા અપાઈ છે.
(C) મારાથી પરીક્ષા નહીં અપાય.
(D) મારાથી પરીક્ષા અપાઈ રહી છે.

37) કવિએ 'અતિજ્ઞાન' કાવ્યની રચના કયા ગ્રંથને આધારે કરી છે ?

(A) વેદ
(B) મહાભારત
(C) રામાયણ
(D) પુરાણ

38) ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામની આત્મકથા 'વીન્ગ્ઝ ઑફ ફાયર' નો 'અગનપંખ' અનુવાદ કોણે કર્યો ?

(A) અરૂણ તિવારી
(B) હરેશ ધોળકિયા
(C) બકુલ ધોળકિયા
(D) સુધામૂર્તિ

39) નીચે આપેલા આખ્યાનોમાંથી કયું આખ્યાન ધીરા ભગતનું છે ?

(A) દ્રૌપદી વસ્ત્રાહરણ
(B) નળાખ્યાન
(C) ઓખાહરણ
(D) ચંદ્રહાસાખ્યાન

40) 'જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ' – આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) તપાસીએ
(B) અદીઠો સંગાથ
(C) મન નો ડગે
(D) જૂનું પિયરઘર

41) 'ગદ્યનો પિતા' અને 'અર્વાચીનોમાં આદ્ય' તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) કાકા કાલેલકર
(B) નર્મદ
(C) રા.વિ. પાઠક
(D) ચંદ્રકાન્ત બક્ષી

42) વાક્યમાં છૂટા પડવાનો ભાવ પ્રગટ કરવા કઈ વિભક્તિ વપરાય છે ?

(A) અપાદાન
(B) કરણ
(C) અધિકરણ
(D) સંપ્રદાન

43) 'પ્રશ્ન' કાવ્ય કયા છંદમાં લખાયેલું છે ?

(A) અનુષ્ટુપ
(B) શિખરિણી
(C) મંદાક્રાન્તા
(D) પૃથ્વી

44) નીચેના જોડકાં ધ્યાનથી જોઈ સાચો વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (a) અતિજ્ઞાન | (1) માડી |
| (b) મન નો ડગે | (2) કુહર |
| (c) પ્રશ્ન | (3) ગંગાસતી |
| (d) જૂનું પિયર ઘર | (4) દુર્યોધન |

(A) c - 2, d - 4, a - 3, b - 1
(B) b - 1, c - 4, d - 3, a - 2
(C) a - 4, b - 3, c - 2, d - 1
(D) d - 2, a - 1, b - 4, c - 3

45) 'સોનાનાં વૃક્ષ' પાઠમાં નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ પ્રયોજાયો નથી ?

(A) અલખ
(B) નિરવધિ
(C) શૃંગ
(D) સ્થિતપ્રજ્ઞ

46) 'હાશ ! આજે નિરાંત થઈ, આ પાપીએ આટલાં વર્ષ જંપીને બેસવાયે દીધા નહિ.' – આ ઉક્તિ કોણ બોલે છે ?

(A) જક્કલાદેવી
(B) લક્ષ્મીદેવી
(C) મૃણાલવતી
(D) વિલાસ

47) ઉપમેયના સંબંધ માટે યોગ્ય ઉપમાન પ્રાપ્ત ન થતાં ઉપમેયનો જ ઉપમેય સાથે સંબંધ દર્શાવવામાં આવે ત્યારે કયો અલંકાર બને ?

(A) ઉત્પ્રેક્ષા
(B) ઉપમા
(C) અનન્વય
(D) રૂપક

48) 'વૃક્ષ' પાઠ લેખકના કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?

(A) એક ઉંદર અને જદુનાથ
(B) બૂમ કાગળમાં કોરા
(C) વહી જતી પાછળ રમ્યઘોષા
(D) બાથટબમાં માછલી

49) 'ઝાડ ટકે છે ઝૂંડમાં, એકલ ઊડી જાય' – આ દુહામાં ઝાડના દૃષ્ટાંત દ્વારા શાનો મહિમા સમજાવ્યો છે ?

(A) મૈત્રી ભાવનો
(B) કુટુંબનો
(C) સંપ બળનો
(D) ઝાડનો

50) રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.

'આકાશમાં પ્રકાશનો <u>મહોત્સવ</u> જામ્યો હતો.'

(A) બહુવ્રીહિ
(B) તત્પુરૂષ
(C) ઉપપદ
(D) કર્મધારય